મહીસાગર આરોગ્ય વિભાગ એક્શન મોડમાં | સીડીએચઓ ડો. સી.આર. પટેલિયાની લાલઆંખ

# વરધરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઓચિંતી તપાસમાં ડોક્ટરની લાલીયાવાડી પકડાઈ

**વરધરી** પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સવારે 9:15 વાગ્યા સુધી બંધ મળતા કારણ દર્શક નોટિસ ફટકારાઈ



(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૯

મહીસાગર જિલ્લામાં સરકારી આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ, સમયબદ્ધ અને અસરકારક બનાવવા માટે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. સી.આર. પટેલિયાએ આક્રમક વલણ અપનાવ્યું છે. ગત ૨૭મી તારીખે પોલિયો કામગીરી અને આકસ્મિક મુલાકાત દરમિયાન ફરજમાં ગંભીર બેદરકારી અને અનિયમિતતા દાખવનાર વરધરી અને ગુથલી પ્રાઈમરી હેલ્થ સેન્ટરના ડોક્ટરો સામે કડક કાર્યવાહીના સંકેત આપી તેમને નોટિસ ફટકારવામાં આવી છે.

મહીસાગર મુખ્ય આરોગ્ય અધિકારી ડો. સી.આર. પટેલિયાદ્વારા કરવામાં આવેલા સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી હતી. વરધરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સવારે ૯:૧૫ વાગ્યા સુધી બંધ હાલતમાં મળી આવ્યું હતું. સમયસર સેન્ટર ન ખૂલવાને કારણે વહેલી સવારથી સારવાર માટે આવેલા દર્દીઓએ બહાર લાંબી કતારોમાં ઊભા રહી ભારે હાલાકી ભોગવવી પડી હતી.

આ ચેકીંગમાં સીડીએચઓ દ્વારા જ્યારે સ્થાનિક દર્દીઓની પૂછપરછ કરવામાં આવી, ત્યારે જાણવા મળ્યું હતુ કે અહીં ડૉક્ટરો નિયમિતપણે સવારે ૧૦:૦૦ વાગ્યે આવે છે. વરધરી અને ગુથલી PHC સેન્ટરોમાં જોવા મળેલી આ ગંભીર બેદરકારીને પગલે ડૉ. સી.આર. પટેલિયાએ તાત્કાલિક ધોરણે સંબંધિત ડૉક્ટરોને 'કારણ દર્શાવો' (શો-કોઝ) નોટિસ ફટકારી ખુલાસો માંગ્યો છે. આ આકસ્મિક તપાસ અને કડક કાર્યવાહીને પગલે જિલ્લાના અન્ય આરોગ્ય કેન્દ્રોના કર્મચારીઓ અને તબીબોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

### કડક ચેતવણી: આરોગ્ય સાથે બાંધછોડ નહીં

આ મામલે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. સી.આર. પટેલિયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, જનતાના આરોગ્ય સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. તમામ તબીબો અને સ્ટાફે નિયત સમયે હાજર રહી દર્દીઓની સેવા કરવાની રહેશે, અન્યથા આગામી દિવસોમાં વધુ કડક શિક્ષાત્મક પગલાં લેવાશે.

### ચરોતરમાં વટસાવિત્રી વ્રતના દિવસે ઉપવાસ રાખી મહિલાઓએ ભગવાનને પ્રાર્થના કરી





ભારતીય સંસ્કૃતિમાં પતિ અને પત્નીના અતૂટ સંબંધનું વિશેષ ધાર્મિક મહત્વ રહેલું છે, જેના પ્રતીક રૂપે મહિલાઓ દ્વારા વટસાવિત્રીનું વ્રત અત્યંત શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે છે. આ પવિત્ર દિવસે મહિલાઓ પોતાના પતિના દીર્ઘાયુષ્ય માટે ઉપવાસ રાખે છે અને વૈદિક પરંપરા મુજબ વિધિવત પૂજન-અર્ચન કરે છે. નડિયાદ સહિત સમગ્ર ખેડા જિલ્લામાં વટસાવિત્રી વ્રતની પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી, જેમાં મહિલાઓએ વ્રત રાખીને ભગવાન પાસે પોતાના પતિના લાંબા આયુષ્ય માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી.તસવીર : જશવંતસિંહ રાઠોડ

### બોરસદ ડિવિઝનના ૪ પોલીસ સ્ટેશનનો ૫૦.૬૮ લાખની કિંમતનો વિદેશી દારૂ નાશ કરાયો



આણંદ પોલીસ અધિક્ષક જી. જી. જસાણીના માર્ગદર્શન હેઠળ બોરસદ ડિવિઝનમાં પકડાયેલ વિદેશી દારૂના જથ્થાનો નિકાલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત સોમવારના રોજ નિસરાયા ગામની સીમમાં બોરસદ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં રૂપિયા ૫૦,૬૮,૩૮૧ ની કિંમતના દારૂના મુદ્દામાલ પર રોડ રોલર ફેરવી તેનો નાશ કરવામાં આવ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓગસ્ટ ૨૦૨૫ થી એપ્રિલ ૨૦૨૬ દરમિયાન બોરસદ ટાઉન, બોરસદ રૂરલ, આંકલાવ અને ભાદરણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુલ ૬૪ ગુનાઓમાં ૨૪,૨૮૪ નંગ દારૂની બોટલો પકડાઈ હતી. આ કામગીરી દરમિયાન પ્રાંત અધિકારી અમિત પટેલ, ડીવાયએસપી એસ.પી. કહાર, નશાબંધી અને આબકારી અધિક્ષક તથા ચારેય પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરો હાજર રહ્યા હતા.

વીરપુરના ગામડાંના સરપંચોનો આક્રોશ, ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે આયોજન રદ કરવા ઉઠી માંગ

# વીરપુરમાં ગ્રાન્ટની વહેંચણીમાં 'રાજકીય વગ'નો ખેલ, ચાર ગામને ફુટી કોડી પણ ન મળી

**ધોરાવાડા**, હાડીંયા, કાસોડી, કુંભરવાડી ગ્રામ પંચાયત જીરો ગ્રાન્ટ ફાળવવામાં આવતા રોષ

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૯

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકામાં વર્ષ ૨૦૨૬-૨૭ માટેની ૧૫% વિવેકાધીન ગ્રાન્ટના આયોજનમાં મોટાપાયે 'રાજકીય વગ' અને ભ્રષ્ટાચાર ચાલતો હોવાનો વિસ્ફોટક આક્ષેપ ઉઠ્યો છે. તાલુકાની ૩૨ ગ્રામ પંચાયતોમાંથી અમુક પંચાયતોને લાખોની ગ્રાન્ટ ફાળવી દેવામાં આવી છે, જ્યારે ધોરાવાડા, હાડીંયા, કાસોડી, કુંભરવાડી ગ્રામ પંચાયતોને એક રૂપિયો પણ ન ફાળવી અન્યાય કરવામાં આવતા સરપંચોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ બાબતે રોષે ભરાયેલા સરપંચોએ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી વર્તમાન આયોજન રદ કરવાની માંગ કરી છે.

આ રજૂઆતમાં સરપંચોનો સીધો આક્ષેપ છે કે, જે કામો એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે, ત્યાં ૧ લાખ થી ૧૦ લાખ સુધીની મોટી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. પરંતુ, જો સરપંચ પોતે કામ કરવા માંગતા હોય તો માત્ર ૬૦,૦૦૦ થી ૭૫,૦૦૦ જેવી નજીવી રકમ ફાળવીને બોર જેવા કામોમાં પણ અન્યાય કરવામાં આવે છે. આ પરથી સ્પષ્ટ જણાય છે કે વહીવટીતંત્ર અમુક ચોક્કસ એજન્સીઓ અને રાજકીય પીઠબળ ધરાવતા માણસોને ફાયદો કરાવવા માટે જ આખું આયોજન ઘડી રહ્યું છે.

ચોંકાવનારી બાબત એ છે કે, તાલુકાના અનેક ગામોમાં પીવાના પાણીની વિકટ સમસ્યા છે, છતાં ત્યાં કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી. બીજી તરફ, રાજકીય રીતે મજબૂત ગણાતી પંચાયતોમાં ગ્રાન્ટનો વરસાદ કરવામાં આવ્યો છે. શું સરકારનો પૈસો જનતાની સુખાકારી માટે છે કે પછી મળતિયા એજન્સીવાળાઓના ખિસ્સા ભરવા માટે? તેવા વેધક પ્રશ્નો ગ્રામીણ સ્તરે ઉઠી રહ્યા છે.

આ સાથે સરપંચોએ ચીમકી ઉચ્ચારી છે કે વસ્તીના ધોરણે ગ્રાન્ટની ન્યાયી વહેંચણી થવી જોઈએ. જો આ અન્યાયી આયોજન રદ કરીને તમામ પંચાયતોને સમાન ન્યાય આપવામાં નહીં આવે, તો આગામી સમયમાં ગ્રામજનોને સાથે રાખીને ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની અને રોડ પર ઉતરવાની ફરજ પડશે.

આ ગ્રાન્ટ ફાળવણીમાં આશ્ચર્યજનક બાબત એ છે કે, વીરપુર તાલુકા પંથક હોવા છતાં તેને રૂ.21.80 લાખની ગ્રાન્ટ મળી છે. પરંતુ કોયડમ ગામને તેનાથી વધુ 27.70 લાખની ગ્રાન્ટ મળી છે. આમ, ગ્રાન્ટ ફાળવણીમાં ક્યાંકને ક્યાંક રાજકીય દબાણ દેખાઈ રહ્યાની ચર્ચા ઉઠી છે.

# આણંદમાં પુસ્તકાલય અને સીટીબસની સુવિધા છીનવાઈ

**સીટી બસ** સેવા શરૂ કરવા અને પુસ્તકાલયને પુન: સ્થાપિત કરવા માંગ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

આણંદ-કરમસદ મનપા બન્યા બાદ નાગરિકોની સુવિધાઓમાં વધારો થવાને બદલે હાલાકી વધી રહી હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. ખાસ કરીને સાર્વજનિક પુસ્તકાલયની દુર્દશા અને વર્ષોથી લટકેલી સીટી બસ સેવાને કારણે જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે સામાજિક કાર્યકર હર્ષિલ દવે દ્વારા ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી.

આણંદ મનપા સમયમાં સેવા સદન નજીક કાર્યરત સાર્વજનિક પુસ્તકાલય વિદ્યાર્થીઓ અને વાંચનપ્રેમીઓ માટે ખૂબ જ ઉપયોગી હતું. જોકે, મનપા બન્યા બાદ વહીવટદાર દ્વારા તેને નહેરૂ બાગ પાસેના કોમ્યુનિટી હોલમાં ખસેડવામાં આવ્યું છે, જ્યાં યોગ્ય જાળવણીના અભાવે પુસ્તકો પર ધૂળ ચઢી રહી છે. આથી, પુસ્તકાલયને ફરીથી સેવા સદન પાસે શરૂ કરવાની માંગ ઉઠી છે.

બીજી તરફ, શહેરના વિસ્તરણ છતાં સીટી બસ સેવા ઠપ્પ પડી છે. મનપા દ્વારા ૫૦ નવી બસોની માંગણી સરકાર પાસે કરવામાં આવી છે, જે હજુ સુધી સ્વીકારાઈ નથી. નવાઈની વાત એ છે કે, બસોની ફાળવણી થયા વિના જ મનપાએ કરોડોના ખર્ચે વિવિધ વિસ્તારોમાં બસ સ્ટેન્ડ ઉભા કરી દીધા છે, જે અત્યારે બિનઉપયોગી સાબિત થઈ રહ્યા છે. આ અંગે હર્ષિલ દવેએ ઉગ્ર રજુઆત કરી હતી.


## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### એસવીઆઈટીના એનએસએસ સ્વયંસેવકો દ્વારા પોલિયો રસીકરણ ઝુંબેશમાં સક્રિય યોગદાન



**આણંદ** | વાસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રસીકરણ અભિયાનમાં એસવીઆઈટીના એનએસએસ વોલેન્ટિયર્સે ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયોના ટીપા પીવડાવી સામાજિક સેવા કરી હતી. વ્રજ વોરા, શૈલેષ વાઘાણી, આશિષ કાકડિયા, ઈશા શાહ સહિતની ટીમે આ ભગીરથ કાર્યમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. કોલેજના ચેરમેન ભાવેશભાઈ પટેલ અને આચાર્ય ડો. ડી. પી. સોનીએ વિદ્યાર્થીઓની આ સુંદર કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. પ્રોગ્રામ ઓફિસર ડો. વિકાશ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ એસવીઆઈટી પરિવાર હંમેશા આવા સામાજિક કાર્યોમાં અગ્રેસર રહે છે.

### લુણાવાડા રાજમહેલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબા પુવારનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો



**લુણાવાડા** | મહારાજા સિદ્ધરાજસિંહજી સોલંકીના અધ્યક્ષસ્થાને અને રાજકુમારી મૃણાલિનીની ઉપસ્થિતિમાં મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબા પુવારનો સન્માન સમારોહ સંપન્ન થયો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં સૌ મહાનુભાવોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'મન કી વાત' કાર્યક્રમનું શ્રવણ કરી રાષ્ટ્રનિર્માણ અને સમાજસેવાનો સંદેશ આત્મસાત કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા પ્રભારી નીતિનભાઈ પટેલ તથા ભાજપના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી અને રાજપૂત સમાજના પ્રતિનિધિત્વ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરાઈ હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદના મોગરીની ક.મ. પટેલ બાલશાળા ખાતે ઉત્સાહભેર 'પ્રવેશોત્સવ'ની ઉજવણી કરાઇ



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ક.મ. પટેલ બાલશાળામાં નવા પ્રવેશ મેળવનાર ભૂલકાઓનું કુમકુમ તિલક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય રાકેશભાઈ પટેલે તમામ બાળકોના ઉજ્જવળ શૈક્ષણિક ભવિષ્ય માટે મંગલ કામનાઓ કરી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈની પ્રેરક ઉપસ્થિતિમાં નવા વિદ્યાર્થીઓને શાળા પરિવારમાં આવકારવામાં આવ્યા હતા. આ સમગ્ર શિક્ષકગણના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં ભૂલકાઓએ ઉમંગભેર શાળામાં પ્રથમ કદમ માંડી નવા શૈક્ષણિક સોપાનની શરૂઆત કરી હતી.

### ફિઝિકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઑફ ઇન્ડિયા ગુજરાત ચેપ્ટરની રાજ્યસ્તરીય બેઠક યોજાઈ



**આણંદ** | પ્રો. ડૉ. અર્જુનસિંહ રાણાના અધ્યક્ષસ્થાને પેફી (PEFI) ગુજરાત ચેપ્ટરની રાજ્યસ્તરીય ઓનલાઈન બેઠક યોજાઈ હતી, જેમાં ગત વર્ષની સિદ્ધિઓની સમીક્ષા અને આગામી વર્ષનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં 'ફિટ ઈન્ડિયા' અભિયાન હેઠળ યુવાનોમાં આરોગ્ય અને ફિટનેસ અંગે જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યશાળાઓ અને જનજાગૃતિ કાર્યક્રમો યોજવાનું નક્કી કરાયું હતું. નારી સશક્તિકરણ માટે મહિલાઓ માટે વિશેષ રમતગમત કાર્યક્રમો અને આગામી 'રાષ્ટ્રીય રમતગમત દિવસ'ની ભવ્ય ઉજવણી માટેની વ્યૂહરચના પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં રમતગમત મંત્રી મનસુખ માંડવિયાના માર્ગદર્શન હેઠળ ફિટનેસ પ્રવૃત્તિને વધુ વેગ આપવા સૌએ સંકલ્પ કર્યો હતો.

### એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજની એસીસી કેડેટ કિંજલ સિંધાની રાષ્ટ્રીય સ્તરે ઝળહળતી સિદ્ધિ મેળવી



**આણંદ** | આણંદની એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજની NCC કેડેટ કિંજલ સિંધાએ અરુણાચલ પ્રદેશના દિરંગ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય સ્તરના 'સ્પેશિયલ એડવેન્ચર કોર્સ કેમ્પ'માં ભાગ લઈ ચરોતર પંથકનું ગૌરવ વધાર્યું છે. આ કેમ્પમાં દેશભરના ૧૨૩ કેડેટ્સ વચ્ચે કિંજલે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું, આ કેમ્પ દરમિયાન તેણે રિવર ક્રોસિંગ અને પર્વતારોહણ જેવી સાહસિક પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક પૂર્ણ કરી તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતની આગવી ઓળખ રજૂ કરી હતી. આ વિશિષ્ટ સિદ્ધિ બદલ કોલેજ આચાર્ય પ્રોફેસર પ્રશાંત પટેલ અને NCC ઓફિસર લેફ્ટનન્ટ ડિમ્પલ પટેલે તેને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી છે.

### કરમસદની ભાઈકાકા યુનિવર્સિટીના રક્તદાન અભિયાનમાં 489 યુનિટ રક્ત એકત્રિત કરાયું



**આણંદ** | વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણીના ભાગરૂપે કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી અને શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ દ્વારા વિશેષ રક્તદાન અભિયાન યોજાયું હતું. આ અભિયાન અંતર્ગત આણંદ પોલીસ અને રોટરી ક્લબના સહયોગથી યોજાયેલી વિવિધ શિબિરો દ્વારા કુલ 489 યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ જનજાગૃતિ માટે વિદ્યાર્થીઓ દ્વારા પ્રેરણાદાયી નાટિકા, રક્તદાતા પ્રતિજ્ઞા અને બ્લડ ગ્રુપિંગ કેમ્પ જેવા વિવિધ સેવાકીય કાર્યક્રમોનું પણ આયોજન કરાયું હતું. આ માનવતાવાદી કાર્યમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ડોક્ટર્સ, પોલીસ જવાનો અને સ્થાનિક નાગરિકોએ જોડાઈને રક્તદાન કર્યું હતું.

### ખાનપુર તાલુકાના લીમડીયાની નવોદય છાત્રાલયમાં હેલ્થ કેમ્પમાં યોજાયો



**ખાનપુર** | મહીસાગરના ખાનપુર તાલુકાના લીમડીયા ખાતે 'સ્વપ્ન એજ્યુકેશન ટ્રસ્ટ' સંચાલિત નવોદય કુમાર/કન્યા છાત્રાલયમાં રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ વિશેષ આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં મેડિકલ ઓફિસર ડો. શાહીન મુલતાની અને ટીમ દ્વારા બાળકોના વજન, ઊંચાઈની તપાસ સાથે તેમને આરોગ્યપ્રદ જીવનશૈલી અને પોષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તપાસના અંતે છાત્રાલયના તમામ બાળકો સંપૂર્ણપણે સ્વસ્થ અને નીરોગી માલૂમ પડ્યા હતા, જે સંસ્થા માટે ગૌરવ અને આનંદની બાબત રહી હતી.

### ગોધરના બોઇડિયામાં પ્રવેશોત્સવ નિમિત્તે જિલ્લા નિયામક દ્વારા બાળકોનું સ્વાગત કરાયું



**ગોધર** | મહીસાગરના નવીન ગોધર તાલુકાની બોઇડિયા નાયક ફળીયા વર્ગ શાળામાં DRDA જિલ્લા નિયામક ચંદ્રિકાબેન ભાભોરના અધ્યક્ષસ્થાને પ્રવેશોત્સવની પ્રેરણાદાયક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નવા પ્રવેશ મેળવનાર ભૂલકાઓને તિલક કરી, સ્કૂલ બેગ અને યુનિફોર્મ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું અને બાળકોને નિયમિત શાળાએ આવવા આહવાન કરાયું હતું. શાળાના વિકાસમાં સતત મદદરૂપ થતા વિશાલભાઈ પટેલનું વિશેષ સન્માન કરાયું હતું, જ્યારે શિક્ષકો દ્વારા ઝૂંપડપટ્ટીના બાળકોના શિક્ષણ પર વિશેષ ધ્યાન આપવાનો સંકલ્પ લેવાયો હતો. આ કાર્યક્રમમાં તલાટી મંત્રી, સરપંચ સોનલબેન સહિતના મહાનુભાવો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

### ચરોતર ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં જળ સંરક્ષણના મોડેલ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા



**આણંદ** | આણંદની ચરોતર ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ જાગૃતિ માટે વિવિધ પ્રોજેક્ટ્સનું પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનમાં ખાસ કરીને હાયર સેકન્ડરી વિભાગના વિદ્યાર્થીઓએ બનાવેલા જળ સંરક્ષણ પર આધારિત લાઇવ વર્કિંગ મોડેલ્સ મુખ્ય આકર્ષણ બન્યા હતા. આ શાળાના આચાર્ય કાર્તિકકુમાર પટેલે વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને બિરદાવી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલે તમામ સ્ટાફ - વિદ્યાર્થીને શુભેચ્છા પાઠવી હતી.

### નડિયાદની સંતરામ વિદ્યાલયમાં 'સરસ્વતી યજ્ઞ' સાથે ભૂલકાઓનો ભવ્ય પ્રવેશોત્સવ યોજાયો



**નડિયાદ** | સંતરામ કેળવણી મંડળ સંચાલિત શાળાઓમાં ધોરણ-૧ ના નવા વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે લઘુ મહંત માનસરોવર બાપુની પાવન ઉપસ્થિતિમાં ભૂલકાઓએ માતા-પિતા સાથે 'સરસ્વતી યજ્ઞ' માં આહુતિ આપી શિક્ષણ કાર્યનો આનંદપૂર્વક પ્રારંભ કર્યો હતો. સંસ્થાના પ્રમુખ પૂજ્ય મહંત રામદાસજી મહારાજ અને મંત્રી સંત નિર્ગુણદાસજી મહારાજે તમામ વિદ્યાર્થીઓને સંતરામ મહારાજની દિવ્ય અખંડજ્યોતના આશીર્વાદ પાઠવ્યા હતા.

### ધોલેરા સ્વામિનારાયણ મંદિર દ્વારા આઠ હજાર વિદ્યાર્થીઓને નિ:શુલ્ક શિક્ષણ કીટનું વિતરણ



**આણંદ** | ધોલેરા સ્વામિનારાયણ મંદિર - ધોલેરાધામ ખાતે મદનમોહનજી મહારાજના દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે એક ભવ્ય પૂર્ણિમા સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે 'સદ્વિદ્યા સેવા યજ્ઞ' અંતર્ગત છબીલદાસ ડેવલપર્સ પ્રા. લિ.ના સહયોગથી સામાજિક સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાલ પ્રદેશની વિવિધ સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અંદાજે આઠ હજાર વિદ્યાર્થીઓને નિ:શુલ્ક શિક્ષણ કીટ આપવામાં આવી હતી. વડતાલધામના ચેરમેન પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામીએ આશીર્વચન આપ્યાં હતાં.